## જન્મદિને વધામણી



**મનિષ એચ શાહ**
સંગઠન મંત્રી
શ્રી સમસ્ત ખડાયતા સમાજ



**વૈશાલી જોષી**
ફર્સ્ટ વાઈસ પ્રેસિડેન્ટ
લાયોનેસ ક્લબ, ગાંધીનગર

# ‘ગુજરાત સ્કૂલ-કૉલેજ સ્પોર્ટ્સ લીગ’માં સામેલ થવા માટે ૨૪,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું

## ગુજરાતમાં રમાનારી ૭૦થી વધુ લીગ મેચોમાં ગુજરાત સરકાર દ્વારા સ્પોર્ટસ લીગ માટે રૂા. ૩.૫ કરોડનાં ઈનામો આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૮

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલી ‘ગુજરાત સ્કૂલ કોલેજ સ્પોર્ટસ લીગ’ ને અભૂતપૂર્વ ઉત્સાહ અને પ્રતિભાવ હાંસલ થયો છે. ગુજરાતની શાળાઓની ૧૨૦૯ ટીમ્સ અને કોલેજોની ૭૦૯ ટીમ્સ સામેલ થઈ છે અને ૨૪,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ આ રમતોમાં સામેલ થવા માટે નોંધણી કરાવી છે. ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગના નેજા હેઠળ કામ કરતી સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ૫ રમતોની લીગ નુ ૪ ઝોનમાં ૭ સ્કૂલ/કોલેજનાં આજથી ક્વોલિફાઈંગ રાઉન્ડઝની શરૂઆત કરી દેવામાં આવી છે. આ માટેનો ડ્રો તા. ૫, ઓકટોબર, ૨૦૧૫ના રોજ સંબંધિત સ્પોર્ટસ એસોસિએશન્સ, હેડ કોચ અને જીલ્લા સ્પોર્ટસ ઓફિસર્સની હાજરીમાં યોજાયો હતો. સમગ્ર પ્રક્રિયા પારદર્શક પધ્ધતિથી હાથ ધરવામાં આવી હતી અને તેનું વિડીયો ડોક્યુમેન્ટેશન કરવામાં આવ્યું હતું. ડ્રોની વિગત www.khelgujarat.org ઉપર અપલોડ કરવામાં આવશે. સ્કૂલ/કોલેજ સ્પોર્ટસ લીગનું સમગ્ર આયોજન શાળાઓ અને કોલેજો દ્વારા હાથ ધરવામાં આવશે જ્યારે દરેક રમત માટેનું ટેકનિકલ માર્ગદર્શન રાજ્ય સ્તરનાં એસોસિએશન્સ દ્વારા પૂરૂ પાડવામાં આવશે. ગુજરાત સરકાર ઝોન અને સ્ટેટ લેવલ બંનેમાં વિજેતા તરીકે પ્રથમ, દ્વિતિય અને તૃતીય નંબરે આવનારને આકર્ષક રોકડ ઈનામો દ્વારા સ્પર્ધકોના જુસ્સામાં વધારો કરશે. એકંદરે ગુજરાતમાં રમાનારી ૭૦થી વધુ લીગ મેચોમાં ગુજરાત સરકાર દ્વારા સ્પોર્ટસ લીગ માટે રૂા. ૩.૫ કરોડનાં ઈનામો આપવામાં આવશે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા વોલીબોલ- છોકરાઓ અને છોકરીઓ તથા બાસ્કેટબોલ - છોકરીઓ માટેના નોક-આઉટ રાઉન્ડની શરૂઆત આજથી કરી દેવામાં આવી છે.

છોકરાઓ માટેની વોલીબોલની રમતો ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ઝેનિથ સ્કૂલ વડોદરા, એમ.જે. ભટ્ટ સ્કૂલ, બારડોલી , સુરત અને સર્વોદય હાઈસ્કૂલ રાજકોટ ખાતે રમાશે. છોકરીઓ માટેની વોલીબોલની રમતો બ્લીઝ હાઈસ્કૂલ-માણસા, ગાંધીનગર, ઝેનિથ હાઈસ્કૂલ વડોદરા, એમ.જે. ભટ્ટ સ્કૂલ, બારડોલી , સુરત અને સર્વોદય હાઈસ્કૂલ રાજકોટ ખાતે રમાશે. છોકરીઓ માટેની બાસ્કેટબોલની રમતોનું સ્થળ ડી.પીયએસ. - બોપલ, નવરચના વિધ્યાની વિદ્યાલય, ડી. પી. એસ. સ્કૂલ, ડુમસ રોડ , સુરત અને કડવીબાઈ વિરાણી સ્કૂલ રાજકોટ રહેશે. ‘ગુજરાત સ્કૂલ/કોલેજ સ્પોર્ટસ લીગ’ નાં ૭ લીગના ક્વોલિફાઈંગ નોક-આઉટ રાઉન્ડઝની પાંચ રમતમાં ૧૯૧૮ ટીમ્સ સામેલ થશે. ભાગ લેનાર ૨૪,૭૫૪ સ્પર્ધકો રમતો રમશે, જેમાં ૧૯૩૫૪ છોકરાઓ અને ૫૪૨૦ છોકરીઓનો સમાવેશ થશે. ક્વોલિફાઈંગ નોક-આઉટ રાઉન્ડઝને અંતે , ચાર ઝોનની લીગ રમતો માટે ૮ શ્રેષ્ઠ ટીમ્સને તથા બે શ્રેષ્ઠ ટીમને સ્ટેટ લેવલ લીગ માટે પસંદ કરવામાં આવશે. સ્ટેટ લીગની, લીગ રમતો પછી ચોથાથી આઠમા ક્રમે રહેલી ટીમોને પોતાની ક્ષમતા પૂરવાર કરવા માટે જે તે ઝોનની ટોચની ચાર ટીમ સાથે રમવાની તક મળશે અને તે પછી ઝોન લીગના વિજેતાઓ જાહેર કરવામાં આવશે.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૪૫, ૧.૪૫, ૪.૪૦, ૭.૩૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
પ્યાર કા પંચનામા
૯.૩૦, ૩.૩૦, ૯.૩૦
સિઘ ઈઝ બ્લિંગ
૧૨.૨૫, ૬.૩૦
જઝ્બા
૬.૩૦

**સ્ક્રીન-૩**
તલવાર
૧૦.૩૦, ૪.૦૦, ૯.૩૦
વેડિંગ પુલાવ
૧.૨૦, ૬.૫૦

**સ્ક્રીન-૪**
ગુજ્જુભાઈ ધી ગ્રેટ
૧૦.૪૫, ૪.૩૦, ૧૦.૩૦
જઝ્બા
૧.૪૫
બાંકે કી ક્રેઝી બારાત
૭.૩૦





સૅક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલય ખાતે નવરાત્રી પર્વ નિમિત્તે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને શિક્ષકો ભેગા મળીને ગરબે રમ્યા હતા. વિદ્યાર્થીઓ કાર્યક્રમમાં દિલથી સામેલ થયાં હતાં, જેના કારણે સ્કૂલના આંગણે પ્રસંગનું વાતાવરણ સર્જાયું હતું. સંસ્થાના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા અને પ્રિન્સિપાલ મનિષ ખત્રીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ, શિક્ષકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. **(તસવીર : કશ્યપ નિમાવત)**

## આંતરજિલ્લા ફૂટબૉલ સ્પર્ધા માટે સિલેક્શન ટ્રાયલ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા ફૂટબૉલની ટીમ આગામી ૯ નવેમ્બરે હિંમતનગર ખાતે આયોજિત આંતરજિલ્લા સ્પર્ધામાં ભાગ લેવા જઈ રહી છે, જે માટે ખેલાડીઓની પસંદગી કરવા હેતુ આજે સિલેક્શન ટ્રાયલ સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ, સૅક્ટર-૮ ખાતે યોજવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લાની ટીમ મહેસાણા ખાતે આગામી તા. ૩૧ ઑક્ટોબરથી ૪ નવેમ્બર દરમ્યાન આયોજિત ઈન્ટર ડિસ્ટ્રીક્ટ બલરામ ટ્રૉફી સ્પર્ધામાં પણ ભાગ લેવા જઈ રહી છે. આ માટે પણ આજે સિલૅક્શન ટ્રાયલ યોજવામાં આવી હતી. ૧ જાન્યુઆરી, ૧૯૯૯ પછી જન્મેલા ખેલાડીઓએ આ ટ્રાયલમાં ભાગ લીધો હતો.

આગામી અન્ડર-૧૭ વર્લ્ડ કપ માટે ઑલ ઈન્ડિયા ફૂટબૉલ ફૅડરેશન તરફથી દરેક રાજ્ય પાસે ૩૩ ખેલાડીઓનાં નામ મગાવવામાં આવ્યા છે, જેના આધારે રાજ્ય દ્વારા દરેક જિલ્લા પાસેથી ૭ ખેલાડીઓનાં નામની માગણી કરવામાં આવી છે. આ ખેલાડીઓની પસંદગી પ્રક્રિયા પણ આજની સિલૅક્શન ટ્રાયલ અંતર્ગત હાથ ધરવામાં આવી હતી.

# બીબીએ કૉલેજ દ્વારા ‘મોક ટેસ્ટ સિરીઝ’ અન્વયે દ્વિતીય પરીક્ષાનું સફળતાપૂર્વક આયોજન




## સેમ-૧, ૩, ૫ ના વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી પરીક્ષા અલગ-અલગ ૧૬ વર્ગમાં આયોજીત થઈ

ગાંધીનગર, તા. ૧૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન, ગાંધીનગર દ્વારા વિવિધ સરકારી તેમજ બિનસરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી થાય તેમજ ઉચ્ચ અભ્યાસ માટે શ્રેષ્ઠ કોર્સમાં દાખલ થઈ શકે તે હેતુ થી જનરલ નોલેજ, બિઝનેસ વર્લ્ડ જેવા વિષયોને આવરી લેતી ૫૦ પ્રશ્નોની મોક ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકારી તેમજ બિનસરકારી નોકરી માં બીબીએના વિદ્યાર્થીઓને તેમના મૅનેજમૅન્ટ કૌશલ્ય અને શિસ્તબદ્ધ કાર્યશૈલીને કારણે પહેલી પસંદગી આપવામાં આવે તે હેતુસર આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. બીબીએ કૉલેજના સેમ-૧, ૩, ૫ ના વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી અને આ પરીક્ષા અલગ-અલગ ૧૬ વર્ગમાં આયોજીત થઈ હતી.

પરીક્ષાના પ્રશ્નોને ચાર વિભાગોમાં વિભાજીત કરવા માં આવ્યા હતા. તેમાં મુખ્યત્વે સામાન્ય જ્ઞાન, તર્કશક્તિ, વ્યાવસાયિક જ્ઞાન, ઔધોગીક પ્રશ્નો જેવા વિષયાને આવરી લેવામાં આવ્યા હતા. આ "મોક ટેસ્ટ"ને વિદ્યાર્થીઓનો અભૂતપુર્વ પ્રતિસાદ મળ્યો હતો તેમજ વિદ્યાર્થીઓ ઉત્સુકતાપૂર્વક પરીક્ષામાં હાજર રહ્યા હતા.

સેમેસ્ટર- ૫ના વિદ્યાર્થીઓએ પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે સ્પર્ધાત્મકતાના યુગમાં દરેક ક્ષેત્રે વિદ્યાર્થીઓએ આ પ્રકારની પરીક્ષાઓ ફરજિયાતપણે પાસ કરવાની હોય છે. આથી આ કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઉજવળ બને તે હેતુથી આ એક ઉમદા કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

પરીક્ષાના સંચાલનમાં કૉલેજના આચાર્ય ડૉ.રમાકાન્ત પુસ્ટીના માર્ગદર્શન હેઠળ ડૉ. જયેશ તન્ના અને અન્ય અધ્યાપકોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

# છીપા કોમ્યુનીટી હોલ, આસ્ટોડિયા ખાતે ૧૫મો ગુજરાત બધિર ઉત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૮

૧૫મો અખિલ ગુજરાત બધિર ઉત્સવ આજે છીપા કોમ્યુનીટી હોલ, આસ્ટોડિયા ખાતે યોજાયો હતો. આજના કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાન ધારાસભ્ય ગ્યાસુદીન શેખે સંભાળ્યું હતું. અતિથિવિશેષ તરીકે અમદાવાદ મ્યુનિ. કોંગ્રેસ પક્ષના નેતા બદરુદ્દીન શેખ, ઈનાયતઅલી સૈયદ, શ્રી તસ્લીમઆલમ તિરમીઝી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્યાસુદીન શેખે પોતાના સંબોધનમાં જણાવ્યુ હતું કે મૂકબધિરો પણ કુદરતની જ દેન છે અને સમાજના સૌથી વધુ જરુરિયાતમંદ અને દયાને પાત્ર લોકો છે. મૂકબધિરોની સેવા એ પ્રભુની સેવા છે. મૂકબધિરો માતા-પિતા હોય તો તે ભૂખ્યા રહીને પણ પોતાના અશક્ત સંતાનોને સંભાળ લેતા હોય છે પરંતુ તેમના નિધન પછી મૂકબધિરોની સાર સંભાળ લેનાર કોઈ હોતું નથી. માટે રાજ્ય સરકાર જ્યારે માઈ-બાપ છે ત્યારે મૂકબધિરોની ખાસ સંભાળ લે તે માટે મૂકબધિર સંસ્થાઓને સાથે રાખી રાજ્ય સરકારના સમાજ કલ્યાણમંત્રી સમક્ષ ખાસ રજુઆત કરવાની બાંહેધરી આપતા ગુજરાત રાજ્યના આગામી બજેટમાં મૂકબધિરો માટે સરકાર ખાસ યોજનાઓ બનાવે તે માટે રજૂઆત કરવાની ખાતરી આપી હતી. આગામી બજેટ સત્રમાં વિધાનસભામાં મૂકબધિરોના પ્રશ્નો ઉજાગર કરી પ્રશ્નોના નિરાકરણ માટે ઈમાનદારીપૂર્વકના પ્રયત્નો કરવાની ખાતરી આપી હતી. શ્રી બદરુદ્દીન શેખે મ્યુનિ. કોર્પોરેશનને લગતા મૂકબધિરોના પ્રશ્નોને વાચા આપવા સાચા હૃદયે પ્રયત્નો કરવાની વાત ઉચ્ચારી હતી. અખિલ ગુજરાત બધિર એકતા સમિતિ દ્વારા વિવિધ સમસ્યાઓના નિરાકરણ માટે ઉપસ્થિત આગેવાનો સમક્ષ રજુઆત કરી હતી.

બહેરા મુંગા લોકો માટે ૧૫ કરતાં વધુ વર્ષોથી શિક્ષણ માટેના પ્રયત્નો થઈ રહ્યા છે. છતાં ધો. ૧૦ થી આગળ શિક્ષણ આપવાની ગુજરાત રાજ્યમાં સરકારે કોઈ વ્યવસ્થા કરી નથી. પરંતુ સ્વપ્રયત્નોથી અને ફકત સુખી-સંપન્ન પરિવારના જ મૂકબધિર બાળકો ધો. ૧૨ અથવા ગ્રેજ્યુએટ થયા છે. રાજ્ય સરકારે મૂકબધિર બાળકો માટે ધો. ૧૦ પછીના અભ્યાસક્રમની વ્યવસ્થા કરવાની માંગણી કરી હતી તેમજ મૂકબધિરોને વ્યવસાય લક્ષી શિક્ષણ, કોમ્પ્યુટર ટ્રેનીંગ કે આધુનિક વ્યવસાય શિખવાડવામાં આવે તો મૂકબધિરોને નોકરી મળી શકે.

૪ ટકા વિકલાંગોને ફરજિયાત સરકારી નોકરીમાં રાખવા નિયમો બનાવવાની માંગણી કરી હતી. મૂકબધિરોની ક્ષમતાના આધારે જે તે વિભાગમાં નોકરી આપવાની ખાસ જોગવાઈ કરવાની માંગણી કરી હતી. મૂકબધિર ભાઈ બહેનોના કાન અને જીભ કામકરતા નથી છતાં તેઓ બુદ્ધિદામાં આગવી કોઠાસૂઝ ધરાવે છે. મૂકબધિરોને સરકારે ખાસ કિસ્સા તરીકે સ્ટોલ આપવાની જોગવાઈ કરવાની માંગણી કરી હતી જેનાથી તેઓ જીવન જરુરી ચીજવસ્તુનું વેચાણ કરી પોતાની રોજી-રોટી મેળવી શકે. મૂકબધિરોને રોજગારી માટે સરળ લોન આપવાની જોગવાઈ કરવાની માંગણી કરી હતી.

# સાચું શિક્ષણ એટલે જ્ઞાન, ઘડતર અને અભિગમ

આજનું શિક્ષણ એટલે માત્ર ડિગ્રીનો અનુભવ - નહીં કે ભણ્યા હોઈએ તેની આવડત.

આજે શિક્ષણની હાલત જોઈ એમ થાય કે બીજી શોધની જગ્યાએ શિક્ષણ કેમ આપવું તેના માટે શોધ કરવી પડે એ વધુ અગત્યનું છે અને સમાજ માટે હિતકારક છે.

બાળક બાલમંદિરમાં હોય ત્યારથી જ માતાપિતાનો અભિગમ તે કવિતા બોલે એમાં જ હોય છે અને દરરોજ બીજું શું જ્ઞાન આપવામાં આવે છે એમાં તેમનું ધ્યાન નથી હોતું. બાળક કવિતા બોલે એમાં માતાપિતાને એમ લાગે કે બાળક કેટલું હોંશિયાર થઈ ગયું છે ! હકીકતમાં રોજ-બ-રોજના વ્યવહારમાં એનામાં શું ફેરફાર આવ્યો એ જોવાનો સમય એમની પાસે નથી. માતાપિતાને બાળકની કારકિર્દીમાં હોય એના કરતાં એ બીજા બાળક કરતાં કેટલું આગળ છે એમાં વધુ રસ હોય છે. અનો એટલે જ બાળકો હવે શરૂઆતથી જ તકલીફમાં જીવવા લાગ્યા છે, એમના માથે નાનપણથી જ હરિફાઈનો બોજ લદાઈ જાય છે અને એટલે જ એમનામાં મૌલિકતા ઘટતી જાય છે અને જિજ્ઞાસાનો લોપ જણાય છે. હકીકતે શિક્ષણનું ધ્યેય એ છે કે બાળકમાં નવું શીખવાની ધગશ જીવતી રહે અને નવું સંશોધનનું કાર્ય ચાલતું રહે.



**વાચકોની કોલમ**

ઉચ્ચ શિક્ષણમાં પણ પ્રવેશ વખતે પોતાને રસ હોય એના કરતાં કઈ જગ્યાએ પ્રવેશનો ગાંડો પ્રવાહ છે ત્યાં વિદ્યાર્થી જાય છે, જ્યાં ખરેખર એને રસ નથી પણ કારકિર્દી વિશે સમજ પણ નથી. આજે શિક્ષણ એ એવી જગ્યા છે જ્યાં ઍન્જિનીયર, ડૉક્ટર, મૅનેજમૅન્ટ પ્રૉફેશનલ્સ બહાર પડે છે પણ એમના વિષયનું વિશદ્ જ્ઞાન એમને હોતું નથી અને જે જ્ઞાન છે તેનો ઉપયોગ ક્યાં ને કેવી રીતે કરાય એ જાણવા માટે એમને બીજાના હાથ નીચે વર્ષો બગાડવાં પડે છે.

માબાપ બાળકને શિક્ષણ સાથે આવડતનો વિકાસ થાય એવી સંસ્થામાં મૂકે તો આ પ્રશ્ન ઘણો હળવો થઈ શકે તેમ છે.

આજે બાળકના શિક્ષણ માટે તેના માતાપિતા, પોતે અને શાળા એ બધાં જવાબદાર છે કારણ કે શિક્ષણની સાથે બાળકમાં આવડત નથી વધી રહી અને જ્ઞાન એ આવડત વગર ડિગ્રી અપાવી શકે, રોજગારી નહીં. એટલે જ આજે આવડત પર વધારે ધ્યાન આપવાની જરૂર છે.

આવડત, જ્ઞાન અને અભિગમનો સંગમ હોય તો જ સમાજને ઉપયોગી થાય એવું યુવાધન સર્જાઈ શકે. આમાંથી એકપણ ન હોય તો કારકિર્દી બની શકે નહીં.

ખાલી આવડત હોય અને જ્ઞાન પણ હોય પરંતુ પોતાના જ માટે એવા યુવાધનની આજે કમી નથી. આવા યુવામાં હોંશિયારી હોય છે પણ યોગ્ય ઘડતર વિના એ પોતાની જાત અને સમાજ બંનેને નુકસાન કરે છે. જેમકે, ઘણા આતંકવાદીઓ પાસે સારી ડિગ્રી છે પણ એનો ઉપયોગ નકારાત્મક રસ્તે થાય છે અને સમાજ માટે નુકસાનકર્તા બની રહ્યો છે. એનું કારણ છે કે એમનું ઘડતર યોગ્ય રીતે નથી થયું અને એમનામાં સમાજને ઉપયોગી થવાનો અભિગમ નથી કેળવાયો.

જ્ઞાન અને અભિગમ હોય તો નોકરી કરી જાણે એવું યુવાધન સર્જાય છે, પરંતુ આવડતના અભાવે એ બહુ આગ વધી શકતું નથી. અંગ્રેજોની શિક્ષણ પધ્ધતિ બિલકુલ આ જ પ્રકારની છે.

એ માટે જ ત્રણેય બાબતો જોડે રાખવી જોઈએ : જ્ઞાન, ઘડતર અને અભિગમ. એ જ સાચું શિક્ષણ ગણાય. આવો, આજથી જ સૌ સાથે મળીને આવા શિક્ષણ માટે પ્રયાસરત થઈએ અને સમાજ માટે નવી દિશાઓ ખોલીએ.

**- ડો. અપૂર્વ રાવલ**

## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની મહિલા પાંખ દ્વારા આજે ગરબા

ગાંધીનગર, તા. ૧૮

સિનિયર સિટિઝન્સ કાઉન્સીલ મહિલા પાંખ દ્વારા નવરાત્રી પર્વ નિમિત્તે ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૧૯ ઑક્ટોબર ને સોમવારના ેજ બપોરે ૩ કલાકે મહારાષ્ટ્ર ભવન, સૅક્ટર-૨૧ ખાતે આ ગરબા કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. મહિલા પાંખનાં કન્વીનર આશાબેન દોશીએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે મહિલા પાંખની ઑક્ટોબર માસની મિટીંગ પણ આ જ સમયે-સ્થળે મળશે. સિનિયર સિટિઝન્સ કાઉન્સિલનાં સભ્ય બહેનોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે આમંત્રણ પાઠવ્યું છે.

## ઓમ લૅન્ડમાર્ક સ્કૂલ ખાતે કલ્ચરલ ઍક્ટિવિટી વર્કશૉપ

ગાંધીનગર, તા. ૧૮

ચિલોડા ખાતે કાર્યરત ઓમ લૅન્ડમાર્ક સ્કૂલ ગુજરાતી માધ્યમ દ્વારા એકલવ્ય ઍક્સલન્સ ઈનોવેટિવ ઍજ્યુકેટર ઍવોર્ડ વિનર સાલુજીના મુવાડાના નિવૃત્ત શિક્ષક, રેડિયો-ટીવી કલાકાર અને જાણીતા સાહિત્યકાર ભીખુભાઈ કવિએ કલ્ચરલ ઍક્ટિવિટી વર્કશૉપમાં શાળાના ધોરણ-૧ થી ૫ અને ૬થી ૯ના વિદ્યાર્થીઓને મનોરંજનાત્મક સાંસ્કૃતિક કલા શિક્ષણની તાલીમ આપી હતી. શાળાનાં આચાર્યા પ્રીતિબેન અને ટ્રસ્ટી અશોકભાઈ રાવલ ખૂબ જ પ્રભાવિત થયા હતા. આવી તાલીમથી બાળકોમાં આત્મવિશ્વાસ વધે છે અને તેમનામાં પડેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવે છે, એમનું ચારિત્ર્યઘડતર થાય છે એવો મત તેમણે વ્યક્ત કર્યો હતો.

કલાશિક્ષણની આ પ્રકારની તાલીમ યોજવા ભીખુભાઈ કવિનો મો. નં. ૮૧૪૦૭ ૬૨૮૨૨ પર સંપર્ક કરી શકાય છે.